પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

21 ઓગષ્ટ 2015

## સંખ્યા પેનલમાં વધતા કદના આંકડા સાથે રૂપિયાના પ્રતિક ચિન્હ (₹) તેમજ ઇન્સેટ લેટર 'L' સહિત ₹ 1000 ના મૂલ્યની બેંકનોટ જારી કરવા બાબત

ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં, મહાત્મા ગાંધી શૃંખલા-2005 અંતર્ગત, ડૉ. રઘુરામ જી. રાજન, ગવર્નર, ભારતીય રિઝર્વ બેંક દ્વારા હસ્તાક્ષરિત **₹ 1000 ના મૂલ્યવર્ગની બેંકનોટ જારી કરશે. આ બેંકનોટની** આગળ તેમજ પાછળના ભાગ ઉપર **રૂપિયાનું પ્રતિક ચિન્હ (₹) તથા બંને સંખ્યા પેનલોમાં ઇન્સેટ લેટર 'L' અને બેંકનોટની પાછળ મુદ્રણ વર્ષ '2015' અંકિત કરવામાં આવશે.**

જારી કરવામાં આવનાર આ નોટોની ડિઝાઇન, મહાત્મા ગાંધી શૃંખલા-2005 ની અંતર્ગત પૂર્વે જારી કરેલ ₹ 1000 **ના મૂલ્યની બેંકનોટ જેવી જ હશે, અલબત્ત આ નોટોની સંખ્યા પેનલોના અંક ડાબીથી જમણી તરફ વધતા કદના હશે જેમાં પહેલા ત્રણ અક્ષર-અંક (જે અંકોની શરૂઆતમાં હોય છે) સમાન કદના હશે.**

**સંખ્યા પેનલોમાં ડાબી થી જમણી તરફ વધતા કદના અંક સાથેની** ₹ 100 તેમજ ₹ 500 મૂલ્યવર્ગની નોટ પહેલા જારી થઇ ચૂકેલ છે.

બેંક દ્વારા અગાઉ જારી થઈ ચૂકેલ ₹ 1000 ના મૂલ્યવર્ગની બધી જ બેંકનોટ માન્ય ચલણ (legal tender) રહેશે.

**પ્રેસ પ્રકાશન : 2015-2016/466**

સંગીતા દાસ
નિર્દેશક